જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૯૯૨/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૯ | ૦ | ૧૦૬૯૯ | ૧૬૮૩૩ | ૦ | ૧૬૮૩૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૩ | ૦ | ૫૩ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૫૭ | ૧ | ૧૫૩૫૮ | ૧૬૨૦૦ | ૯ | ૧૬૨૦૯ |
| કુલ | | ૩૦૪૫૪ | ૧ | ૩૦૪૫૫ | ૩૯૧૨૦ | ૯ | ૩૯૧૨૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 0 | 0/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 0 | 0/- |

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીગ દરમ્યાન ઓટો રીક્ષામાંથી ૧૬૦ લીટર દેશીદારૂ સાથે એક ઇસમને પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પો.ઇન્સશ્રી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંસ સ્કવોડના માણસો નાઇટ પેટ્રોલીંગમા હતા. દરમ્યાન ખાનગી બાતમી હકીકત આધારે "નરોડા દહેગામ સર્કલ ખતેથી દેશીદારૂની એક ઓટો રીક્ષા આર.ટી.ઓ. નં GJ-01-TF-0207 નો ચાલક નામે મહમદઅસરફ અબ્દુલઅજીજ જાતે- શેખ ઉવ.૪૮, ધંધો- રી.ડ્રા, રહે.૪૫,મોહનલાલની જુની ચાલી જૈન દેરાસર પાસે ગોમતીપુર અમદાવાદ શહેર નાને દેશીદારૂ ૧૬૦ લીટર કિ.૩૨૦૦/- તથા ઓટો રીક્ષા અંદાજીત કિમંત ૭૫,૦૦૦/- સાથે કુલ્લે ૭૮,૨૦૦/- ના મુદામાલ સાથે તા.૧૭/૧૧/૨૦૨૦ ના કલાક ૦૧/૩૦ વાગે પકડી જેના વિરુધ્ધ ધી પ્રોહી કલમ - ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)બી,૬૫ઇ,૯૮(૨) મુજબના ગુન્હો દાખલ કરી આરોપી ને કોરોના ટેસ્ટ માટેની આગળની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે. તા.૧૭/૧૧/૨૦૨૦

**આરોપીનુ નામ –** મહમદઅસરફ અબ્દુલઅજીજ જાતે- શેખ ઉવ.૪૮, ધંધો- રી.ડ્રા, રહે.૪૫, મોહનલાલની જુની ચાલી જૈન દેરાસર પાસે ગોમતીપુર અમદાવાદ શહેર

**મુદ્દામાલ –**ઓટો રીક્ષા આર.ટી.ઓ. નં GJ-01-TF-0207 ની અંદાજીત કિમંત ૭૫,૦૦૦/- તથા દેશીદારૂ ૧૬૦ લીટર કિ.૩૨૦૦/- કુલ્લે રૂ.૭૮,૨૦૦/- નો મુદ્દામાલ.

**કામગીરી કરનાર કર્મચારી**

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા એલ.આર.ધુમકેતુ આત્મારામાભાઇ બ.નં.૧૨૩૨ તથા એલએલ.આર વિક્રમ પ્રેમસિંહ બ.નં-૧૨૪૨૨ તથા એલ.આર મયુરસિંહ કરણસિંહ બ.નં-૧૨૫૧૦.





# ગુમ થયેલ બાળકી ગણતરીના કલાક માં શોધી કાઢવા બાબત.

## ઇસનપુર પોલીસ સ્ટેશન

## ગુમ થયેલ બે સગીરવયની બાળકીઓને ગણતરીના સમયમા શોધી કાઢી તેના વાલીને સોપતી ઇસનપુર પોલીસ

ગઇ તા.૧૪/૧૧/૨૦૨૦ ના રોજ એક બહેન નામે લક્ષ્મીબેન વા/ઓ રતીલાલ સોનાભાઇ દંતાણી ઉ.વ ૪૦ રહે, આવકાર હોલના કાચા છાપરા ચાઇનીઝની લાઇનમા આવકાર હોલ ઘોડાસર અમદાવાદ શહેર મુળ વતન ગામ-ગીલોસણ તા.જી-મહેસાણા નાઓએ આવી જાહેર કરેલ કે ગઇ તા.૧૩/૧૧/૨૦૨૦ ના રોજ પોતે પોતાની સગીરવયની દિકરી ચંદાબેન ડો/ઓ રતીલાલ દંતાણી ઉ.વ ૧૩ વર્ષ ૫ માસ તથા પોતાની ભત્રીજી માયા ડો/ઓ જગદીશભાઇ દંતાણી ઉ.વ ૧૪ નાઓની સાથે ઘોડાસર વૈભવલક્ષ્મી મંદિર ખાતે દર્શન કરવા માટે ગયેલા અને સાંજની આરતી પુરી થતા પોતાના ઘરે જવા નિકળેલ તે વખતે પોતાની સગીરવયની દિકરી તથા સગીરવયની ભત્રીજી મંદિરે જણાયેલ નહી અને પોતાના ઘરે આવી તપાસ કરતા ઘરે પણ આવેલ ન હતી અને આથી પોતાના સગા સબંધીઓને ત્યા તપાસ કરતા ત્યા પણ મળી આવેલ નહી વિગેરે મતલબની જાહેરાત કરતા તેઓની ફરીયાદ લઇ ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૧૫૪૫/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબનો ગુનો દાખલ કરેલ

સદર ગુનો દાખલ થયા બાદ સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબનાઓએ સર્વેલન્સ સ્કોડ તથા પી.આઇ પર્સનલ સ્કોડ તથા “શી”ટીમની જુદીજુદી ટીમો બનાવી જુદીજુદી દિશાઓમા તપાસ કરવા રવાના કરેલ તેમજ એક ટીમને આ સગીરવયની બાળકીઓ જે જગ્યાએથી ગુમ થયેલ તે વૈભવ લક્ષ્મી મંદિરના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરવા મોકલતા સી.સી.ટી.વી કેમેરામા આ બન્ને બાળકીઓ ચાલુ આરતીમા મંદિરમાથી બહાર નિકળી એકલી જતી જણાયેલ અને આ બાળકીઓ પૈકીની એક બાળકી નામે માયા ડો/ઓ જગદીશભાઇ દંતાણી ઉ.વ ૧૪ નાની બે મહીનાથી અહીયા રહેવા માટે આવેલ હોવાનુ અને અગાઉ તે ચાંદખેડામા પોતાના મામાના ઘરે રહેતી હોવાનુ જાણવા મળેલ હોય સર્વેલન્સ સ્કોડ તથા “શી” ટીમને ચાંદખેડા ખાતે તેના મામાના ઘરે તપાસ કરાવતા તેઓ ત્યા પણ ગયેલ નહી અને ચાંદખેડા વિસ્તારમા આ બાળકીઓની તપાસ કરતા આ બન્ને બાળકીઓ તા.૧૪/૧૧/૨૦૨૦ ના રોજ ચાંદખેડા વિસ્તારમાથી ફરતી મળી આવતા તે બન્ને બાળકીઓને ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે લઇ આવી બન્ને બાળકીઓનો હેમખેમ કબ્જો તેમના વાલીને સોપી પ્રસંશનીય કામગીરી કરેલ છે તા.૧૭/૧૧/૨૦૨૦

## <u>કામગીરી કરનાર કર્મચારી/ અધિકારી</u>

(૧) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર

(૨) પી.આર.ચાવડા એ.એસ.આઇ સર્વેલન્સ સ્કોડ

(૩) અ.હે.કો જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ

(૪) અ.હે.કો સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ

(૫) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ

(૬)અ.હે.કો.સુનીલકુમાર જયંતીભાઇ પી.આઇ.પર્સનલ

(૭) વુ.હે.કો દિપલબેન જીતેન્દ્રકુમાર "શી"ટીમ

(૮) વુ.લો.ર અસ્મીતાબેન મનજીભાઇ "શી"ટીમ

(૯) વુ.લો.ર શિતલબેન દેવજીભાઇ સર્વેલન્સ સ્કોડ

(૧૦) વુ.લો.ર પુષ્પાબેન મનસુખલાલ"શી"ટીમ

(૧૧) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ

(૧૨)અ.હે.કો.યુવરાજસિહ ભીખુભા પી.આઇ.પર્સનલ



**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી, ૬૬ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૯૯૫/૨૦૨૦**

**નારોલઃ** ડાહ્યાલાલ ભીખાજી પ્રજાપતિ (ઉ.વ.૪૦) (રહે. દેસાઇની પોળ સરસપુર શહેરાકોટડા) તા.૧૫/૧૧/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે એકટીવા ચલાવી અસલાલીથી નારોલ સર્કલ તરફ જવાના રોડ ઉપર નારોલ, શાહવાડી બ્રીજ ઉતરતા હતા ત્યારે કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ડાહ્યાલાલ પ્રજાપતિ પાસેની બેગ ઝુટવી લુંટ કરી નાસી ગયા હતા. બેગમાં રોકડ રૂપિયા ૩,૨૫,૦૦૦/- અને જરૂરી દસ્તાવેઝ હતા. આ અંગેની ફરીયાદ ડાહ્યાલાલ પ્રજાપતિએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.ચૌધરી ચલાવે છે.

**સોનાનો દોરો ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૬/૨૦૨૦**

**નરોડાઃ (૧)** કૌશિકકુમાર વિષ્ણૂપ્રસાદ ત્રિવેદી (ઉ.વ.૬૩) (રહે. જય ફ્લોરા હરિદર્શન ચોકડી પાસે કઠવાડા રોડ નવા નરોડા) તા.૧૬/૧૧/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પત્ની સાથે નરોડા વ્યાસવાડી કેનાલ ઉપરથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ કૌશિકકુમારના પત્નીના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કૌશિકકુમાર ત્રિવેદીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**નરોડાઃ (૨)** વિક્રમસિહ બાબુસિહ ચાવડા (ઉ.વ.૫૧) (રહે. તિરૂપત ફ્લેટ વ્યાસવાડી કેનાલ પાસે કઠવાડા રોડ નરોડા) તા.૧૬/૧૧/૨૦૨૦ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે નરોડા માછલી સર્કલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પોર્ટ્સ મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિક્રમસિહ ચાવડાના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિક્રમસિહ ચાવડાએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૭/૨૦૨૦**

**ખોખરાઃ** રજનીકાન્તભાઇ ઇશ્વરભાઇ મેકવાન (ઉ.વ.૬૭) (રહે. રિપલ એપાર્ટમેન્ટ લાલભાઇ સેન્ટરની બાજુમાં ખોખરા) તા.૧૬/૧૧/૨૦૨૦ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે મણીનગર રેલવે સ્ટેશન ખાતે રેલવે ટ્રેકમાં ટ્રેન સાથે અથડાતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૮/૨૦૨૦**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** આશિફઅલી મોહમંદઅલી સૈયદ (રહે.સ્ટાર રેસીડન્સી-૧ હાફીઝગી મસ્જીદ પાસે ફતેવાડી) એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૦ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક (કચરાની ગાડી) ટાટા ગાડી નંબર જીજે ૦૧ એફટી ૦૬૭૫ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા ગાડી નૌરીનબાનુ અહેતશાન શેખ (ઉ.વ.૯) ઉપર ફરી વળતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એન.એસ.કટકટી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૯૯/૨૦૨૦**

**ચાંદખેડાઃ** અમિતકુમાર કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૨૩) (રહે. નારાયણી લોટ્સ માનસરોવર રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૧૧/૨૦૨૦ કલાક ૯/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ. જયાબહેન લાલાભાઇ ચલાવે છે.

**આનંદનગરઃ** જેસલ સ/ઓ સુરેશભાઇ સોલંકી (ઉ.વ.૨૪) (રહે. સ્મીતા એપાર્ટમેન્ટ રેડીયોમીર્ચી પાસે આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ચોથા માળથી પડતુ મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભેમજીભાઇ દેવરાજભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી